૩૨૦૦/૫/૨૦૦૯

Form No. 1880

Roll No.

# શ્રી અને શ્રીમતી પૂનમચંદ કરમચંદ કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ.(ઉ.ગુ.)

## પ્રવેશ અરજી

સ્ટેમ્પ સાઇઝનો ફોટો લગાવો

**ફક્ત ઓફિસ ઉપયોગ માટે**

ફી રસીદ નં. પ્રથમ/બીજુ ____________ તા. ____________

એનરોલમેન્ટ ફી રસીદ નં. ____________

ડીપોઝીટ રસીદ નં. ____________ તા. ____________

Addmitted at the risk and Cost of the student subject to approval of the Hemchandracharya North Gujarat University, Patan (N.G.)

| Total Fee Rs. | | Principal |
|---|---|---|

નીચેની માહિતી ફક્ત એફ.વાય.બી.એ. ના વિદ્યાર્થીઓએ ભરવાની છે. લાગુ પડતું હોય ત્યાં [✓] કરો.

| | |
|---|---|
| ધો.-૧૨ ના કુલ ગુણ | |
| ધો.-૧૨ માં મેળવેલ ગુણ | |
| ધો.-૧૨ માં રાખેલ પ્રવાહ આર્ટ્સ/ કોમર્સ/ સાયન્સ | |
| પ્રયત્ન | |
| રીપીટર | |
| ધો.-૧૨ ની પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | |
| SC | |
| ST | |
| Baxi | |
| Open | |
| Hand. Cap (અપંગ) | |
| પાટણ તાલુકાની શાળામાં ભણેલ વિદ્યાર્થી હોય તો (હા) નહીં તો (ના) લખો. | |
| સ્ત્રી | |
| પુરૂષ | |
| ધો. - ૧૨ અંગ્રેજી સાથે પાસ થયેલ હોય તો (હા) નહીં તો (ના) | |
| નોંધ | |

**નીચેની વિગતો વિદ્યાર્થીએ ભરવી**

આચાર્યશ્રી

આપની કોલેજના ____________ ના વર્ગમાં પ્રવેશ મેળવવા હું મારા પિતા/ વાલીની અનુમતિથી અરજી કરૂ છું. હું જુનો/નવો વિદ્યાર્થી/વિદ્યાર્થીની છું. મારી વિગતો નીચે પ્રમાણે છે.

(૧) વિદ્યાર્થીનું પુરેપુરૂ નામ ____________
(ગુજરાતી)
(અંગ્રેજી કેપીટલ અક્ષરમાં) ____________

(૨) જન્મ તારીખ ____________ જન્મ સ્થળ ____________

(૩) સ્ત્રી/ પુરૂષ ____________ પરિણીત/અપરિણીત ____________

(૪) પિતા/વાલીનું પુરૂં નામ ____________

(૫) પિતા/વાલીનું સરનામું ____________

(૬) વાલીનો વિદ્યાર્થી સાથે સંબંધ ____________ પિતા/ વાલીની વાર્ષિક આવક રૂા. ____________

(૭) કાયમી સરનામું ____________
____________ ફોન : ____________ મો. : ____________

(૮) પાટણનું સરનામું ____________
પીન ____________ ટેલીફોન નંબર ____________ (જો હોય તો)

(૯) હું અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / બક્ષીપંચ/ જનરલ જાતિનો વિદ્યાર્થી છું.

☐ ☐ ☐ ☐

(લાગુ પડતું હોય તે ખાનામાં (✓) કરો.)

**(૧૦) હું ઇ.બી.સી. માફી લેવા માગું છું/ માગતો નથી.**

**(૧૧) વૈકલ્પિક વિષયો :**

પ્રથમ બી.એ. (ફરજીયાત સંસ્કૃત અથવા પ્રાકૃત બેમાંથી એક વિષય લખો) ____________

મુખ્ય વિષય ____________ પ્રથમ ગૌણ વિષય ____________ બીજો ગૌણ વિષય ____________

સેકન્ડ બી.એ. મુખ્ય વિષય ____________ પ્રથમ ગૌણ વિષય ____________ બીજો ગૌણ વિષય ____________

થર્ડ બી.એ. મુખ્ય વિષય ____________

**(વિદ્યાર્થીએ નીચેની વિગતો ભરવી નહીં)**

(૧૨) પ્રવેશ ફોર્મમાં મેં જે વિષયો ભરેલા છે તેમાં હવે કોલેજની વિષયવાર નિયત સંખ્યા પૂરી થયેલ હોઇ મને કોલેજ દ્વારા જે વિષયોમાં પ્રવેશ આપવામાં આવે છે તે અંગે મારી સહમતિ છે. ભવિષ્યમાં વિષય બદલવા હું માંગણી કરીશ નહીં કે માંગણી કરાવીશ નહીં. હું જાતે હાજર રહી પ્રવેશ મેળવું છું.

(૧) ફ. ____________ (૨) મુખ્ય ____________ (૩) પ્રથમ ગૌણ ____________ (૪) બીજો ગૌણ ____________

મને જે વિષયમાં પ્રવેશ મળેલ છે તેની મેં નોંધ લીધી છે.

**વિદ્યાર્થીની સહી** **પ્રો. ઇનચાર્જ** ____________

**આચાર્ય** ____________

(૧૩) આજસુધી આપેલી પરીક્ષાઓની વિગત (દરેક વિદ્યાર્થીએ નીચેની બધીજ માહિતી ભરવી ફરજીયાત છે.)

| આપેલી પરીક્ષાનું નામ (એસ.એસ.સી. થી શરૂ કરીને વિગત આપો.) | શાળા અથવા કોલેજનું નામ | યુનિવર્સિટી/ બોર્ડનું નામ | કેન્દ્ર | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | પરિણામ પાસ/નાપાસ એટીકેટી | વર્ગ |
|---|---|---|---|---|---|---|
| ૧. એસ.એસ.સી. | | | | | | |
| ૨. ધો. ૧૧ | | | | | | |
| ૩. હાયર સેકન્ડરી (જેટલા પ્રયત્ન હોય તેટલા લખવા) | | | | | | |
| ૪. ફર્સ્ટ બી.એ. | | | | | | |
| ૫. સેકન્ડ બી.એ. | | | | | | |
| ૬. થર્ડ બી.એ. | | | | | | |

* પ્રથમ દ્વિતીય કે પાસ વર્ગ મેળવ્યો હોય તો લખવો.

(૧૪) છેલ્લી પાસ કરેલી પરીક્ષા :-

(૧) પરીક્ષા પાસ કર્યાનું વર્ષ ૨૦૦ __________ (માર્ચ/ ઓકટોબર) (૨) પરીક્ષાનો નંબર __________

(૩) કેન્દ્ર __________ (૪) યુનિવર્સિટી/ બોર્ડનું નામ __________

**વિષય વાર પરિણામ :** (સાથે ગુણપત્રક રાખવું) : કુલ ગુણ __________ મેળવેલ ગુણ __________ ટકા __________

(૧૫) છેલ્લી પરીક્ષા પાસ કર્યા પછી કોઇ સત્ર ભર્યું હોય તેની વિગત આપો :-

| વર્ષ | યુનિવર્સિટી/ બોર્ડ | કોલેજ | વર્ગ | સત્ર |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

(૧૫) રાષ્ટ્રીયતા __________

(૧૭) હું આ કોલેજનો/ની __________ માં વિદ્યાર્થી હતો/ વિદ્યાર્થીની હતી. મારો રોલ નંબર __________ હતો.

(૧૮) કોલેજના છાત્રાલયના પ્રવેશ માટે અરજી કરી છે ? ના/ હા

(૧૯) રમત-ગમત કે અન્ય પ્રવૃત્તિમાં રસ હોય તો જણાવો. (વિગત આપો)

(૨૦) કઇ રમતમાં ભાગ લેવા માગો છો ? __________

(૨૧) તમે પી.ટી./ એન.સી.સી. માં જોડાવા ઇચ્છો છો ! __________ (ગમે તે એક પસંદ કરો)

(૨૨) ગયા વર્ષે આર્થિક મદદ મળી હતી ! હા/ ના __________ ક્યા પ્રકારની ? __________ કેટલી ? __________

(૨૩) કોલેજ કેમ્પસની બહાર કોઇપણ વિદ્યાર્થી ભાઇ-બહેનની કોઇપણ પ્રકારની પજવણી કે અભદ્ર ચેષ્ટાને ગંભીર ગુનો ગણાય છે તે હું જાણું છું અને જો હું આવો ગુનો આચરૂં તથા તેમાં હસભાગી કે મદદરૂપ થાઉં તો મને કોલેજમાંથી કાયમી ધોરણે બરતરફ કરશો અને યુ.જી.સી. ના નિયમ પ્રમાણે જે કાંઇ શિક્ષા કરશો તે મને બંધનકર્તા રહેશે.

હું ખાતરી આપું છું કે જો મને આપની કોલેજમાં પ્રવેશ આપવામાં આવશે તો હાલ ચાલુ હોય તે અને હવે પછી અમલમાં મુકાય તે સર્વે નિયમોનું યથાર્થ પાલન કરવા બંધાઉં છું. કોલેજ કે કોલેજ બહાર સંસ્થાની પ્રતિષ્ઠા જોખમાય તેવું વર્તન કરીશ નહિ તેની બાંહેધરી આપું છું.

કોલેજના સમય દરમિયાન હું કોઇ નોકરી કરતો નથી અને નોકરી કરીશ નહીં. કોલેજના સમય બહારની કોઇ નોકરી કે કામગીરી સ્વીકારતાં પહેલાં હું આચાર્યશ્રીને જાણ કરીશ અને નોકરી રાખનારનું પ્રમાણપત્ર કોલેજમાં રજુ કરીશ.

મેં ઉપર આપેલી બધી હકીકત પુરેપુરી અને સાચી આપી છે.

**તારીખ :** __________ **વિદ્યાર્થીની સહી** __________

Only for F.Y.B.A.

**For Identity Card**

North Gujarat Education Society, Mumbai
Managed

# Shri & Smt. P. K. Kotawalal Arts College

**NAAC Accredited B++**


College Campus, Rajmahel Road, **PATAN** - 384265
**E-mail :** patanarts@yahoo.com
**Phone : (O)** 02766-220483 **(R)** 233667


Affix Stamp Size Photo

Full Name of Student : (In Capital letters)

| |
|---|
| |

Full Name of Father / Guardian : (In Capital letters)

| |
|---|
| |

Full Residential Address :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Street : | | | | | | | |
| | | | | | | | |
| City : | | Pin Code : | | Taluka : | | Dist. : | |
| Phone No. : | 1. | 2. | | Mobile No. : | 1. | 2. | |
| Fax No. : | | | | E-mail : | | | |
| State : | | | | Country : | | | |
| Class : | | Roll No. | | | Year : | | |
| Date of Birth : | | Blood Group | | | | | |
| Subject : | | Classical Language (Prakrit / Sanskrit) | | | | | |
| Principal Sub : | | First Subs. : | | | Second Subs. : | | |

# શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા વિનયન કોલેજ, પાટણ. (ઉ.ગુજરાત)

## માહિતી અને સુચનાઓ

કોઇપણ વિદ્યાર્થીને કોલેજમાં પ્રવેશ આપવો કે ન આપવો તે સંબંધમાં આચાર્યશ્રીનો નિર્ણય આખરી ગણાશે. તેના કારણો દર્શાવવા જરૂરી લેખાશે નહિ. દરેક વિદ્યાર્થીએ દર વર્ષે પ્રવેશ માટે નવી અરજી આપવાની રહેશે.

જે કોઇ વિદ્યાર્થી સંસ્થાના કોઇપણ અધિકારી કે કર્મચારી પ્રત્યે અણછાજતું, અવિવેકી કે ઉધ્ધતાઇભર્યું વર્તન દાખવશે અથવા તેવા અધિકાર તરફથી અપાતી સૂચનાનું ઉલ્લંઘન કરશે તો કોલેજમાંથી તુરત જ બરતરફ થવાને પાત્ર ગણાશે.

થર્ડ બી.એ.નું અસલ ગુણપત્રક પ્રવેશ કાર્ય બંધ થયા બાદ પંદર દિવસ પછી જ જરૂર હશે તો આપવામાં આવશે. તે સિવાય કોઇપણ સંજોગોમાં અસલ ગુણપત્રક કોઇપણ સમય માટે આપવામાં આવશે નહીં.

### અરજી ફી તથા અરજીપત્રક ભરવા વિષે :

પ્રવેશ મેળવવાની અરજી સાથે દરેક વિદ્યાર્થીએ પુરેપુરી ફી ભરવાની છે. ઇ.બી.સી.ફી માફી મેળવવા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીએ પ્રવેશ અરજીની સાથે જ ઇ.બી.સી.ફી માફી અંગેના ફોર્મ ભરીને આપવાના છે. ઇ.બી.સી.માફી મેળવવા માટે આવક મર્યાદા રૂા. ૨૫૦૦૦/- સુધીની છે.

વિદ્યાર્થીએ આ સુચનાઓ બરાબર વાંચીને તથા અરજીપત્રની વિગતો બરાબર સમજીને અરજીપત્ર ચોખ્ખા અક્ષરે સ્પષ્ટ રીતે ભરવું, અરજીપત્ર અધુરું, સંદિગ્ધ, અસ્પષ્ટ અથવા ચેકચાકવાળુ હશે તો તે અરજી સ્વીકારવામાં આવશે નહિ. જો અરજીમાં અસત્ય, અર્ધસત્ય, અથવા ખોટા માર્ગે દોરાવનારી માહિતી આપી હશે તો પ્રવેશ મેળવ્યા પછી વિદ્યાર્થીએ ભરેલી ફી પાછી આપ્યા વિના તેને કોલેજમાંથી દૂર કરવામાં આવશે.

### અરજીપત્રમાં માહિતી આપવા માટે નીચેની સુચનાઓ ધ્યાનમાં રાખવી :

વિદ્યાર્થીએ પોતાનું નામ અંગ્રેજી કેપીટલમાં ધો.૧૨ ના ગુણપત્રક પ્રમાણે જ તેમજ ગુજરાતીમાં ભરવું, જન્મ તારીખ કાળજીપૂર્વક ભરવી તે તારીખ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં દર્શાવ્યા પ્રમાણે હોવી જોઇએ.

**વિદ્યાર્થીનું કાયમી સરનામું :-** જ્યાં વિદ્યાર્થી કાયમી અને વેકેશનમાં રહેતા હોય તે પુરેપુરું સરનામું આપવું, આ અરજી અંગેના તથા અન્ય પત્રવ્યવહાર એ સરનામે કરવામાં આવશે.

**વિદ્યાર્થીનું પાટણનું સરનામું :-** વિદ્યાર્થી અભ્યાસ દરમ્યાન જે સ્થળે રહેવાનો હોય તે પુરેપુરું સરનામું અહીં જણાવવું, હોસ્ટેલમાં પ્રવેશ મેળવનાર અહીં ''કોલેજ હોસ્ટેલ'' લખી શકે.

### ફોર્મમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવા વિશે :

ફોર્મમાં ભરેલી હકીકતમાં કોઇપણ જાતનો ફેરફાર કરવાની જરૂર પડે તો તેની લેખિત જાણ ઓફિસમાં કરવાની રહેશે. પૂર્વ મંજૂરી સિવાય ફેરફાર થઇ શકશે નહિ.

**પરીક્ષા :-** યુનિવર્સિટી ના નિયમ પ્રમાણે દરેક વિદ્યાર્થીએ ઓછામાં ઓછી બે આંતરિક કસોટી પરીક્ષાઓ આપવી ફરજીયાત છે અને કસોટી પરીક્ષામાં પાસ થવું ફરજીયાત છે.

અનુસ્નાતક કક્ષાએ રી-ટેસ્ટ લઇ શકાશે નહીં.

**એમ.એ. મુખ્ય વિષયો :** (૧) સંસ્કૃત (૨) અંગ્રેજી (૩) ગુજરાતી (૪) હિન્દી (૫) ઇતિહાસ (૬) અર્થશાસ્ત્ર મનોવિજ્ઞાન (સ્વવિત્ત ધોરણે)

**ગૌણ વિષયો :** (૧) સંસ્કૃત (૨) ગુજરાતી (૩) હિન્દી

### પ્રવેશ લાયકાત વિષે :

(પ્રવેશ અંગે યુનિવર્સિટીના ધારાધોરણો બંધનકર્તા રહેશે.)

એમ.એ. ભાગ-૧માં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ જે તે વિષયો સાથે પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. દરેક વિદ્યાર્થીએ પ્રવેશ અરજી સાથે છેલ્લી પાસ કરેલ પરીક્ષાનું અસલ માર્કસ સર્ટીફીકેટ તથા તેની એક ખરી નકલ (ટ્રુ કોપી) લગાડવી પડશે. વિદ્યાર્થીઓએ પ્રવેશ અરજી ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ. પરીક્ષના ગુણપત્રકની એક ઝેરોક્ષ નકલ (સર્ટીફાઇડ વિનાની) જોડવાની છે. શાળા છોડ્યાના પ્રમાણપત્રની અને પ્રવેશ મળતાં અસલ ગુણપત્રક તથા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ગુણપત્રક કોલેજ પોતાની પાસે રાખશે અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર પરત આપશે. **જેથી દરેક વિદ્યાર્થીઓએ માર્કશીટની દસ ખરી નકલો કરાવી પોતાની પાસે રાખવી. જે પ્રવેશ મેળવતી વખતે બતાવવાની રહેશે.**

# શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ.(ઉ.ગુ.)

## ફર્સ્ટ બી. એ. પ્રવેશ અંગે સુચનાઓ

**સામાન્ય સૂચનાઓ :**

- પ્રવેશ યાદીમાં નામના સમાવેશ માત્રથી પ્રવેશનો આખરી અધિકાર પ્રાપ્ત થતો નથી.
- વિદ્યાર્થીને જે વિષયમાં પ્રવેશ આપવામાં આવશે તે વિષય કે વિષયોમાં પાછળથી કોઇપણ જાતનો ફેરફાર કરી આપવામાં આવશે નહિ.
- અંગ્રેજી મુખ્ય વિષયમાં પ્રવેશ મેળવ્યા પછી અનુકુળતા હશે તો જ વિષય છોડવા મંજૂરી મળી શકશે.
- વિષય પસંદગી અંગે કોલેજના આગવા નિયમો છે તે બધા જ વિદ્યાર્થીઓને બંધનકર્તા રહેશે.
- રીપીટર્સ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહીં.
- આર્ટ્સ-કોમર્સ કે સાયન્સ ફેકલ્ટીના કોલેજના પ્રથમ વર્ષમાં એકવાર પ્રવેશ લીધો હશે અને ફરીવાર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી રીપીટર ગણાશે. રીપીટર્સ વિદ્યાર્થીનો સાધારણ સંજોગોમાં પ્રવેશ મળી શકશે નહીં. પ્રવેશ રદ કરાવનારનો પુનઃ પ્રવેશનો અધિકાર રહેશે નહીં.
- કોઇપણ પ્રકારની વ્યક્તિગત કે શૈક્ષણિક માહિતી પ્રવેશપત્રમાં બતાવી ન હોય અને માહિતીના અભાવે ખોટો પ્રવેશ અપાઇ જવાના સંજોગોમાં પ્રવેશ રદ થવાને પાત્ર છે. આ બાબતમાં પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.
- ધોરણ-૧૨ પ્રથમ પ્રયત્ને પાસ કર્યાનું **(First attempt)** સર્ટીફીકેટ જોડવું.
- પ્રથમ વર્ષ બી.એ. માં અન્ય કોલેજમાં પ્રવેશ મેળવ્યા પછી આ કોલેજની પ્રવેશ યાદીમાં પ્રવેશ મળવાથી પણ અત્રેનો પ્રવેશ ગ્રાહ્ય રહેશે નહીં.
- પ્રથમ વર્ષ બી.એ. માં પ્રવેશ માટે હાયર સેકન્ડરીની પરીક્ષા ૪૦% કરતાં વધુ ગુણ સાથે એકજ પ્રયત્ને પાસ કરનારની પ્રવેશ અરજી સ્વીકારવામાં આવશે. પ્રવેશ અરજી સાથે ધો. ૧૨ ના ગુણપત્રકની અને શાળા છોડ્યાના પ્રમાણપત્રની ખરી નકલ જોડવાની રહેશે. **દરેક વિદ્યાર્થીએ ગુણપત્રકની દસ ખરી નકલો કરાવી પોતાની પાસે રાખવી જે પ્રવેશ મેળવતી વખતે બતાવવાની રહેશે.**
- એક કરતાં વધારે પ્રયત્ને હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરનાર કે ૪૦% થી ઓછા ગુણ પ્રાપ્ત કરનારની પ્રવેશ અરજી સ્વીકારવામાં આવશે નહીં. છતાં ૪૫% કે તેથી વધુ ગુણ સાથે એક કરતાં વધારે પ્રયત્ને હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થી પ્રવેશ માટે અરજી કરી શકશે. પ્રયત્નોના પ્રમાણમાં ગુણવત્તા પ્રમાણે પ્રવેશ માટે તેને લાયક ગણવામાં આવશે. પ્રવેશ અંગેના યુનિવર્સિટીના નિયમો બોર્ડ પર મૂકવામાં આવેલ છે.
- હાયર સેકન્ડરી પરીક્ષાના પરિણામ પછી સાત દિવસ સુધી પ્રવેશ માટેનાં ફોર્મ અપાશે અને ભરેલાં ફોર્મ સ્વીકારાશ. સાત દિવસ પછી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.
- અનામત જગ્યાઓ પર પ્રવેશ માટે પણ આ સમય દરમિયાન આવેલી અરજીઓ જ ધ્યાનમાં લેવાશે. નિયત સમયમાં પ્રવેશ માટે અરજી ન કરનારનો અનામત જગ્યા ઉપર પ્રવેશનો હકક રહેશે નહીં.
- પ્રવેશ અરજી ઓફિસમાં રજુ કરીને તેની રસીદ મેળવી લેવી.
- પ્રવેશ અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ પછી પાંચ દિવસના ગાળામાં પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે અને તે પછીના દિવસમાં વિદ્યાર્થીઓએ ફી ભરવાની રહેશે. નિયત સમયમાં ફી ન ભરનારનો પ્રવેશ રદ ગણાશે. ફી ભરવાની મુદત પુરી થયે નવી યાદી જાહેર કરવામાં આવશે.
- ઇ.બી.સી. માફી મેળવવા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ તેમનાં ફોર્મ સહી-સિક્કા કરાવીને તૈયાર રાખવાના રહેશે. ઇ.બી.સી. ફોર્મ કે બી.સી. શિષ્યવૃત્તિનું ફોર્મ નિયત સમયમાં રજુ ન કરનારનો પ્રવેશ રદ ગણાશે. સત્રની અધવચ્ચે અભ્યાસ છોડી જનાર વિદ્યાર્થીએ સત્રની પૂરેપૂરી ફી ભરવાની રહેશે.
- બી.સી. વિદ્યાર્થીઓએ કોશન ડીપોઝીટ ભરતી વખતે બી.સી. શિષ્યવૃત્તિ મેળવવાનું ફોર્મ જરૂરી સાધનિક દસ્તાવેજો સાથે સંપૂર્ણ ભરીને રજુ કરવાનું રહેશે. આવું ફોર્મ રજુ નહીં કરનાર વિદ્યાર્થીએ પૂરેપૂરી ફી ભરવાની રહેશે. જે ફી સરકાર તરફથી કોલેજને મળ્યેથી વિદ્યાર્થીને પરત ચૂકવવામાં આવશે. ફી ભરી દાખલ થનાર બી.સી. વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિનું ફોર્મ કોલેજે નિયત કરેલ તારીખ સુધીમાં રજુ કરવાનું રહેશે અને જે વિદ્યાર્થી નિયત સમયમાં ફોર્મ રજુ ન કરે તો તેનો પ્રવેશ રદ થયેલો ગણાશે.
- ધોરણ - ૧૨ ની પરીક્ષા પાસ કર્યા બાદ જે કોઇ અભ્યાસક્રમમાં જોડાયા હોય તેનો આધાર અને જો કોઇપણ અભ્યાસક્રમમાં જોડાયો ન હોય તો તે બાબતનું સોગંધનામું રજુ કરવાનું રહેશે. સોગંધનામું ખોટું સાબિત થશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- આર્ટ્સના વિષય સિવાય ધોરણ- ૧૨ ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને સાધારણ સંજોગોમાં સોશ્યલ સાયન્સીસ વિષયો મળશે. ભાષાના વિષયો મળી શકશે નહીં.
- બી.સી. (અનુસૂચિત જાતિ) વિદ્યાર્થીઓએ પોતાના વાલીનું આવકનું સંબંધિત સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર મેળવીને અવશ્ય પ્રવેશપત્રની સાથે રાખવું.
- કોલેજ પ્રવેશનો આચાર્યશ્રીનો અબાધિત અધિકાર છે અને તે અંગેનો નિર્ણય સૌને માન્ય બંધનકર્તા રહેશે.
- **એનરોલમેન્ટ સર્ટીફીકેટ :**

જે વિદ્યાર્થી ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરીને પહેલી જ વાર પ્રથમ બી.એ. ના વર્ગમાં દાખલ થાય તેણે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાસેથી એનરોલમેન્ટ સર્ટીફીકેટ મેળવવું પડશે. એનરોલમેન્ટ ફોર્મની સાથે ધોરણ ૧૨ ના ગુણપત્રકની એકે નકલ **જેમાં ફકત આ કોલેજના આચાર્યશ્રીએ જ સહી કરવાની છે. એ નકલમાં સહી સિક્કા કરાવીને લાવવાના નથી.** આ માટે વિદ્યાર્થીએ અરજીનું ફોર્મ તથા રૂા. ૭૦/- એનરોલમેન્ટ ફી ના રોકડા આપવાના રહેશે. ધો. - ૧૨ ની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરનાર વિદ્યાર્થીએ એનરોલમેન્ટ ફોર્મમાં છેલ્લે પાસ કરેલ પરીક્ષાના ગુણપત્રક પ્રમાણે જ માર્કસ ભરવા જ્યાં **XO** હોય ત્યાં **XO** દર્શાવવું તેમજ ગુણપત્રકમાં દર્શાવ્યા પ્રમાણે ક્રમાનુસાર જ ગુણ ભરવા.

પરીક્ષામાં ગેરરિતિ કરતાં પકડાશે તો તે પેપરમાં શૂન્ય ગુણ ગણવામાં આવશે અને કૃપા ગુણનો લાભ તેને મળશે નહીં.

કોલેજમાં રેગીંગની પ્રવૃત્તિનો ફોજદારી ગુનો લાગુ પડશે તેથી કોઈપણ વિદ્યાર્થીએ આવી પ્રવૃત્તિઓમાં સામેલ થવું નહિ. આ સૂચનાનો ભંગ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

**ટ્રાન્સફર સર્ટીફીકેટ :** આ કોલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી અન્ય કોલેજમાં આગળ અભ્યાસ અર્થે જોડાનારે પ્રવેશ આપનાર કોલેજના આચાર્યની સહી સાથે અરજી કરવાથી જ ટી.સી. મળી શકશે. જે વિદ્યાર્થી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલ કોઈ કોલેજમાંથી પહેલીવાર આ કોલેજમાં દાખલ થશે તેણે તે કોલેજના પ્રિન્સીપાલ પાસેથી ટ્રાન્સફર સર્ટિફીકેટ મેળવવું પડશે. આ માટે ટ્રાન્સફર સર્ટિફીકેટના અરજીના બે ફોર્મ ભરીને આપવા પડશે. આ કોલેજના વિદ્યાર્થીઓના પ્રવેશ પછી જ બીજી કોલેજમાંથી આવતા વિદ્યાર્થીઓની અરજી ધ્યાનમાં લેવાશે. બીજી કોલેજમાંથી દાખલ થવા આવનાર વિદ્યાર્થીએ **N.O.C.** રજુ કરવાનું રહેશે અને ઓ.સી. માં વિષય તથા એનરોલમેન્ટ નંબર દર્શાવવાનો રહેશે.

**એલિજીબિલિટી સર્ટીફીકેટ :** આ કોલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી અન્ય કોલેજમાં આગળ અભ્યાસ અર્થે જોડાનારે પ્રવેશ આપનાર કોલેજના આચાર્યની સહી સાથે અરજી કરવાથી જ **T.C.** મળી શકશે. જે વિદ્યાર્થી બીજી કોઈપણ યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરીને અથવા બીજી કોઈ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજમાં અભ્યાસ કરીને આ કોલેજમાં પહેલીજવાર પ્રવેશ મેળવવા માગતા હોય તેમણે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી એલિજીબિલિટી સર્ટીફીકેટ મેળવવું પડશે. જો પ્રવેશ અરજી સાથે કામચલાઉ સર્ટીફીકેટ ક્સામેલ નહીં હોય તો તે અરજી વિચારવામાં આવશે નહિ.

જે વિદ્યાર્થીને એનરોલમેન્ટ સર્ટીફીકેટ કે ટ્રાન્સફર સર્ટીફીકેટ કે છેવટનું એલિજીબિલીટી સર્ટીફીકેટ મેળવવાનું બાકી હશે ત્યાં સુધી તે વિદ્યાર્થીએ મેળવેલો પ્રવેશ કામચલાઉ ગણાશે અને પહેલા સત્રના અંત પહેલા આ સર્ટીફીકેટ મેળવી ન શકે તો તે વિદ્યાર્થીની પહેલા સત્રની હાજરી રદ ગણાશે અને તેણે ભરેલી ફી પરત આપવામાં આવશે નહીં. જરૂરી સર્ટીફીકેટની જવાબદારી વિદ્યાર્થીની રહેશે. નીચલા વર્ગની એ.ટી.કે.ટી. પાસ કર્યા વિના મેળવેલ પ્રવેશ રદ થવાને પાત્ર છે. શરતચૂકથી ઉપલા વર્ગમાં મેળવેલ પ્રવેશ રદ થવાને પાત્ર છે.

**હાજરી :** દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટીએ નિયત કરેલ સંખ્યાના દિવસની હાજરી આપવી ફરજીયાત છે. અનિયમિત હાજરી આપનાર વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ-માફી ચૂકવવામાં આવશે નહીં.

**ફી :** દરેક વિદ્યાર્થીએ બીજા સત્રની ફી સત્ર શરૂ થાય (કોલેજ ખૂલે તે દિવસથી) તે દિવસથી માંદગી કે અન્ય કારણ હોય તો પણ પંદર દિવસમાં ફી ભરવાની રહેશે તે પછી કોઈપણ સંજોગોમાં ફી સ્વીકારવામાં આવશે નહિ. બીજા સત્રમાં કોલેજ ખૂલ્યા પછી પંદર દિવસ બાદ કોઈપણ સંજોગોમાં પ્રવેશ મળી શકશે નહીં.

**પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે :** બી.સી. વિદ્યાર્થીઓએ દાખલ થતી વખતે બી.સી. શિષ્યવૃત્તિ મેળવવાનું ફોર્મ જરૂરી સાધનિક દસ્તાવેજો સાથે સંપૂર્ણ રીતે ભરીને રજુ કરવાનું રહેશે આવું ફોર્મ રજુ નહીં કરનાર વિદ્યાર્થી પૂરેપૂરી ફી ભરી પ્રવેશ મેળવી શકશે. જે ફી સરકાર તરફથી કોલેજને મળ્યેથી વિદ્યાર્થીને પરત ચુકવવામાં આવશે. એ રીતે ફી ભરી દાખલ થનાર બી.સી. વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિનું ફોર્મ કોલેજમાં નિયત કરેલ તારીખ સુધીમાં રજુ કરવાનું રહેશે અને જે વિદ્યાર્થી નિયત સમયમાં ફોર્મ રજુ ન કરે તો તેનો પ્રવેશ રદ થયેલો ગણાશે. આવા વિદ્યાર્થીઓને લાભો માંગનાર વિદ્યાર્થીએ જાતિ બદલનો દાખલો સમાજ કલ્યાણ અધિકારી પાસેથી મેળવી અરજી કરવી. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ બક્ષીપંચ અંગેનો દાખલો રજુ કરવાનો રહેશે. **તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી"** તેવા પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.

પ્રવેશ મેળવવા, ફી ભરવા કે ગુણપત્રક મેળવવા વિદ્યાર્થીએ જાતે જ હાજર રહેવું પડશે.

કોલેજ કેમ્પસની અંદર કે બહાર સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીઓની કોઈપણ પ્રકારની પજવણી કે અભદ્ર ચેષ્ટાને ગંભીર ગુનો ગણવામાં આવશે. આ ગુનો આચરનાર તથા તેમાં સહભાગી કે મદદરૂપ થનાર કોઈપણ વિદ્યાર્થીને કોલેજમાંથી કાયમી ધોરણે હકાલપટ્ટી અને / અથવા ત્રણ વર્ષ સુધીની કેદ અને/ અથવા રૂા. ૨૫૦૦૦/- સુધીનો દંડ થઈ શકશે.

અન્ય કોલેજમાંથી આ કોલેજમાં દાખલ થવા ઇચ્છતા ભાઈ-બહેનોએ પોતાના હસ્તાક્ષરમાં પોતે રાખેલ વિષયો તથા પોતાની મળતી સ્કોલરશીપની વિગતો વિગેરે અરજીમાં દર્શાવવાની રહેશે.

**હોસ્ટેલ :** ભાઈઓ અને બહેનોની અલગ અલગ હોસ્ટેલની વ્યવસ્થા છે.

**ફી નું ધોરણ :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ટ્યુશન ફી :** પ્રથમ વર્ષ | ૬૦૦-૦૦ | પરીક્ષા સ્ટેશનરી ફી | ૫૦-૦૦ | એડમીશન ફી | ૨૦-૦૦ |
| દ્વિતીય વર્ષ | ૬૦૦-૦૦ | જીમખાના ફી | ૩૦-૦૦ | અન્ય ફી | ૫૦-૦૦ |
| તૃતીય વર્ષ | ૬૦૦-૦૦ | મેગેઝીન-કલ્ચરલ ફી | ૧૦-૦૦ | મેડીકલ ફી | ૧૨૦-૦૦ |
| લાયબ્રેરી ફી | ૩૦-૦૦ | યુનિ. કલ્ચરલ, સ્પોર્ટસ વિ. | ૫૨-૦૦ | વિદ્યાર્થી ડીપોઝીટ | ૧૦-૦૦ |
| પર્યાવરણ ફી(સેકન્ડ વર્ષ બી.એ. માટે) | ૧૦૦-૦૦ | એસ.એ.એફ. ફી | ૦૮-૦૦ | કેમ્પસ ડેવલોપમેન્ટ | ૫૦-૦૦ |
| | | | | વાલી મંડળ ફી | ૫૦-૦૦ |

**ફી માં વધઘટ થશે તો તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.**

કોલેજ છોડ્યા પછી જ એક વર્ષમાં ફેબ્રુઆરી માસ સુધીમાં જ રસીદ સાથે અરજી કરનારને વિદ્યાર્થી ડીપોઝીટ તથા અન્ય ડીપોઝીટ પાછી આપવામાં આવશે તે સમય વિત્યા પછી કોઈપણ પ્રકારની ડીપોઝીટ પાછી આપવામાં આવશે નહીં.

● ઇ.બી.સી., બી.સી., એસ. ટી. ના જે વિદ્યાર્થીઓએ સ્કોલરશીપના ફોર્મ ભરેલ હોય તેમને બેંકમાં પોતાનું ખાતું ૩૦ સપ્ટેમ્બર સુધી ખોલાવી દેવા ત્યારબાદ લેઇટ ફી લેવામાં આવશે.

● હાયર સેકન્ડરી પરીક્ષામાં જે તે વિષયમાં મેળવેલ ગુણને આધારે ફર્સ્ટ બી.એ. માં વિષયો પસંદ કરવાના રહેશે. ગુજરાતીમાં ૫૦% સંસ્કૃતમાં ૫૫% અને અંગ્રેજી કે હિન્દીમાં ૪૫% કરતાં વધુ ગુણ મેળવ્યા હોય તેઓ જ મુખ્ય કે પ્રથમ ગૌણ વિષય તરીકે આ વિષયો રાખી શકશે. ઓછા ગુણ હોવા છતાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ અરજીમાં આ વિષયો ભરશે તેમની પ્રવેશ અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આ અંગે જરૂરી માર્ગદર્શન માટે નોટિસ બોર્ડ પર જણાવ્યા પ્રમાણેની રૂમમાં પ્રવેશ સમિતિનો સંપર્ક સાધવો. વિષય પ્રવેશ માટેની ટકાવારી ફેરફારને આધીન છે.

હાયર સેકન્ડરી પરીક્ષામાં સંસ્કૃતમાં ૪૦% કરતાં ઓછા ગુણ મેળવ્યા હોય કે સંસ્કૃત વિષય ન રાખ્યો હોય તેવા વિદ્યાર્થીઓ ફરજીયાત વિષય તરીકે સંસ્કૃત રાખી શકશે નહીં. ગુણવત્તાને આધારે આવા વિદ્યાર્થીઓને પસંદગીના વિષયો સાથે પ્રવેશ મળી શકશે.

**વિશેષ સુચનાઓ :** ફર્સ્ટ બી.એ. ના વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણેના સાત પેપર્સનો અભ્યાસ કરવાનો હોય છે.

(૧) અંગ્રેજી ફરજીયાત ------- ૧ પેપર
(૨) સંસ્કૃત અથવા પાકૃત ફરજીયાત ------- ૧ પેપર
(૩) મુખ્ય વિષય ------- ૨ પેપર
(૪) પ્રથમ ગૌણ વિષય ------- ૨ પેપર
(૫) બીજો ગૌણ વિષય ------- ૧ પેપર

● અંગ્રેજી ફરજીયાત માટે 'એ' અને 'બી' સ્ટ્રીમ હોય છે. અંગ્રેજી સાથે ધો. ૧૨ ની પરીક્ષા પાસ કરનારને માટે 'એ' સ્ટ્રીમ અને અંગ્રેજી વગર પાસ થનાર માટે 'બી' સ્ટ્રીમ. જે પ્રવેશાર્થીએ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા અંગ્રેજીના વિષય સાથે પસાર કરી હશે તે પ્રવેશાર્થી 'એ' સ્ટ્રીમ માં જ પ્રવેશ માટે પાત્રગણાશે. જ્યારે જેણે તે પરીક્ષા અંગ્રેજી વિના પસાર કરી હશે તે 'બી' સ્ટ્રીમમાં જ પ્રવેશ પાત્ર ગણાશે.

● મુખ્ય, પ્રથમ અને બીજા ગૌણ વિષયોની પસંદગી વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણેના ત્રણ ગ્રુપમાંથી કરવાની રહેશે.

| (૧) | (૨) | (૩) |
|---|---|---|
| અંગ્રેજી (માત્ર મુખ્ય) | અર્થશાસ્ત્ર | હિન્દી |
| ગુજરાતી | પ્રાકૃત (માત્ર ગૌણ) | ઇતિહાસ |
| માનસશાસ્ત્ર | સંસ્કૃત | ભૂગોળ (માત્ર ગૌણ) |

● કોઇપણ એક ગ્રુપમાંથી એક મુખ્ય વિષય (ભૂગોળ અને પ્રાકૃત સિવાય) પસંદક કરવો.

● મુખ્ય વિષય જે ગ્રુપમાંથી પસંદ કર્યો હોય તે સિવાયના બાકીના બે ગ્રુપમાંથી કોઇ એક વિષય પ્રથમ ગૌણ વિષય તરીકે પસંદ કરવો.

● મુખ્ય વિષય અને પ્રથમ ગૌણ વિષય પસંદ કર્યો હોય તે સિવાયના ત્રીજા ગ્રુપમાંથી કોઇપણ એક વિષય બીજા ગૌણ વિષય તરીકે પસંદ કરવો.

● એટલે મુખ્ય વિષય, પ્રથમ ગૌણ અને બીજો ગૌણ એમ ત્રણ વિષયો દરેક ગ્રુપમાંથી એક એક ત્રણ અલગ અલગ ગૃપમાંથી પસંદ કરવાના રહેશે. એકજ ગૃપમાંથી બે વિષયો રાખી શકશે નહીં. 'એ' સ્ટ્રીમમાં પ્રવેશપાત્ર પ્રવેશાર્થી જ મુખ્ય વિષય તરીકે અંગ્રેજી રાખી શકશે.

● પ્રવેશપત્રમાં જે વિષયો ભરીને પ્રવેશ મેળવ્યો હોય તેમાં કોઇપણ સંજોગોમાં ફેરફાર થઇ શકશે નહીં. જો કોઇ વિદ્યાર્થી પોતાની જાતે વિષયોમાં ફેરફાર કરશે તો તેનું સત્ર મંજુર થશે નહીં અને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાલાયક ગણાશે નહીં.

● જે તે સમયે વિષયમાં ખાલી જગ્યા હશે તે વિષયમાં પ્રવેશ મળી શકશે. આ અંગે પ્રવેશ સમિતિનો/ આચાર્યનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

● નોકરી કરતાં કે ભવિષયમાં નોકરી મેળવતા કે કામગીરી સ્વીકારતા પહેલા વિદ્યાર્થીએ આચાર્યશ્રીને જાણ કરવાની રહેશે અને નોકરીનું પ્રણમાપત્ર રજુ કરવાનું રહેશે.

● યુનિવર્સિટી અને કોલેજનાં પ્રવર્તમાન ધારાધોરણ અને શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાની પ્રવેશાર્થીએ બાંહેધરી આપવાની રહેશે.

● હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ધારા પ્રમાણે કોલેજમાં વિદ્યાર્થી મંડળની ચુંટણીની કોઇ જોગવાઇ નથી. એથી વિદ્યાર્થીઓ પાસેથી યુનિયન ફી પણ લેવામાં આવતી નથી. વિદ્યાર્થી મંડળની રચનાની કોઇ જોગવાઇ ન હોઇ વિદ્યાર્થીએ એ અંગે વિવાદ ઉભો કરશે તો તે શિસ્તભંગ ગણાશે.

● એક સત્રમાં એક એમ કુલ બે આંતરિક કસોટી પરીક્ષાઓ આપવી વિદ્યાર્થીઓ માટે ફરજીયાત છે. પરીક્ષાની ગોઠવણી એ કોલેજનો વહીવટી પ્રશ્ન છે. તેમાં વિદ્યાર્થીઓ દરમિયાનગીરી કરી શકે નહીં. કોલેજ જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે પરીક્ષા ન આપનાર વિદ્યાર્થીને નુકશાન થાય તો તેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. **પ્રવેશનો અધિકાર આચાર્યશ્રીનો રહેશે. આચાર્યશ્રીનો નિર્ણય માન્ય અને બંધનકર્તા રહેશે.**

● પ્રવેશ મેળવવા ફી ભરવા કે ધો. ૧૨ નું ગુણપત્રક પરત મેળવવા વિદ્યાર્થીએ જાતે જ હાજર રહેવાનું છે.

● અન્ય કોલેજમાંથી આ કોલેજમાં દાખલ થવા ઇચ્છતા ભાઇ-બહેનોએ પોતાના હસ્તાક્ષરમાં પોતે રાખેલ વિષયો તથા પોતાને મળતી સ્કોલરશીપની વિગતો વિગેરે અરજીમાં દર્શાવવાની રહેશે.

● બહારગામના દૂરના ગામડેથી આવનાર વિદ્યાર્થીએ કોલેજમાં ૭-૩૦ કલાકે પહોંચી શકાય તેવી બસ ન હોય તો પ્રવેશ ન લેવો હીતાવહ છે. કારણ કે પૂરતી હાજરી ન થતાં સત્ર નામંજૂર કરવામાં આવે છે.

● રી-ટેસ્ટની ફી પેપર દીઠ રૂા. ૧૦૦/- ભરવાની રહેશે. બેથી વધારે પેપર્સના રૂા. ૩૦૦/- ભરવાના રહેશે.

● ટ્રાન્સકીપ્ટ ફી બે કોપી સુધી રૂા. ૧૦૦/- લેવામાં આવશે. ૫ કોપીના રૂા. ૧૫૦/- લેવામાં આવશે.

**બાંહેધરી ફોર્મ**

# શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ

**પાટણ.(ઉ.ગુ.)- ૩૮૪૨૬૫**

હું નીચે સહી કરનાર શ્રી/કુ. ______________________________

______________ બી.એ. નો / ની વિદ્યાર્થી-વિદ્યાર્થીની ગંભીરતાથી સોગંદપૂર્વક પુરી સમજ અને જવાબદારીપૂર્વક બાંહેધરી આપું છું કે હું વર્ષ દરમિયાન લેવાનાર દરેક વિષયના વ્યાખ્યાનોમાં તથા પ્રાયોગિક કાર્ય દરેક સત્રમાં નિયમિત રીતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઓર્ડિ. ૫૦ પ્રમાણે હાજરી આપીશ.

આથી હું વધુમાં શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના આચાર્યશ્રીને કોલેજના તથા સરકારશ્રીના અને યુનિવર્સિટીના પ્રવર્તમાન તથા સમયાંતરે વારંવાર ઘડાતા નિયમોના ભંગ બદલ અથવા ગેરહાજરીના કારણે મારો પ્રવેશ રદ કરવા, યુનિવર્સિટી પરીક્ષાનું ફોર્મ પાછું ખેંચવા યા તેમને યોગ્ય લાગે તેવા પગલાં ભરવાનો અધિકાર રહેશે.

**વધુમાં,**

(૧) નોટિસ બોર્ડમાં મૂકાતી સૂચનાઓ નિયમિત વાંચીશ અને તેનું પાલન કરીશ.

(૨) કોલેજ કેમ્પસમાં આવીશ ત્યારે મારું ઓળખપત્ર હંમેશા સાથે રાખીશ.

(૩) શિક્ષણ કાર્ય ચાલુ હોય ત્યારે હું કોલેજના મકાનમાં કે લોબીમાં ઉભા રહી ઘોંઘાટ કરીશ નહીં.

(૪) કોલેજના મકાનમાં પાન-મસાલા તથા બીડી-સિગારેટનો ઉપયોગ કરીશ નહીં તેમજ કોલેજની દિવાલો સ્વચ્છ રાખીશ.

(૫) મારું સ્કૂટર કે સાયકલ કોલેજે નક્કી કરેલ જગ્યાએ જ મૂકીશ.

(૬) યુનિ. એ જાહેર કરેલ કેલેન્ડર મુજબ કોલેજ પરીક્ષા લેશે તે મુજબ જ હું પરીક્ષા આપીશ. તે પ્રમાણે ન કરું તો કોલેજના આચાર્યશ્રીનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

(૭) કોલેજની રમત-ગમત, ઇતર પ્રવૃત્તિ અને અભ્યાસેત્તર પ્રવૃત્તિમાં ભાગ લઇશ.

(૮) કોલેજ તરફથી કે કોલેજ મારફત મળતી સર્વ સવલતો જેવી કે બસ કન્સેશન, પુસ્તકો, શિષ્યવૃત્તિ તેમજ કોલેજની માલ મિલકતોનું હું દુરુપયોગ નહીં કરું તેની ખાત્રી આપું છું.

(૯) જો હું સંસ્થાના કોઇ અધિકારી, અધ્યાપક કે વહીવટી કર્મચારીગણ પ્રત્યે અણછાજતું, અવિવેક કે ઉદ્ધતાઇભર્યું વર્તન કરું અથવા તેમના તરફથી મળેલ સૂચનાનું ઉલ્લંઘન કરું ત્યારે કોલેજમાંથી બરતરફ કરવાનું કે અન્ય કોઇ શિક્ષા કરશે તે મને કબૂલ મંજૂર છે.

(૧૦) કોલેજ કેમ્પસની અંદર કે બહાર કોઇપણ વિદ્યાર્થી ભાઇ-બહેનની કોઇપણ પ્રકારની પજવણી કે અભદ્ર ચેષ્ઠાને ગંભીર ગુનો ગણાય છે તે હું જાણું છું અને જો હું આવો ગુન્હો આચરુ તથા તેમાં સહભાગી કે મદદરૂપ થાઉં તો મને સંસ્થામાંથી કાયમી ધોરણે બરતરફ કરશો અને યુ.જી.સી. ના નિયમો પ્રમાણે જે કાંઇ શિક્ષા કરશો તે મને બંધનકર્તા રહેશે.

(૧૧) હું જાતે હાજર રહી પ્રવેશ મેળવું છું.

(૧૨) હું કોલેજમાં મોબાઇલ લાવીશ નહીં અને તેનો ઉપયોગ કરીશ નહીં.

(૧૩) શૈક્ષણિક સંકુલમાં ધુમ્રપાન કરવું કે પાન-મસાલા ગુટકા ખાવા તે ગુનો બને છે અને તેની શિક્ષા રૂા. ૫૦૦/- સુધીનો દંડ છે તે હું જાણું છું. ગુટકા ખાવા બદલ ધુમ્રપાન કરવા બદલ થનાર શિક્ષા મને માન્ય રહેશે.

(૧૪) કોલેજની બેન્ચ ઉપર કે દિવાલ ઉપર હું લખીશ કે ચિતરામણ કરીશ નહીં.

(૧૫) કોલેજના વર્ગોમાં (મુખ્ય, પ્રથમ ગૌણ, દ્વિતીય ગૌણ તથા ફરજિયાત) હું નિયમિત હાજરી આપીશ. ૭૫% થી ઓછી હાજરી થતાં આચાર્યશ્રીનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

(૧૬) કોલેજમાં રેગીંગની પ્રવૃત્તિનો ફોજદારી ગુનો લાગુ પડશે તેથી કોઇપણ વિદ્યાર્થીએ આવી પ્રવૃત્તિઓમાં સામેલ થવું નહિ. આ સૂચનાનો ભંગ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

વિદ્યાર્થીની સહી : ______________ પુરું નામ : ______________

તારીખ : ______________ સરનામું : ______________

પિતા/વાલીની સહી: ______________ પુરું નામ : ______________

તારીખ : ______________ સરનામું : ______________

નોંધ : આ સોગંદનામા તથા અસલ ગુણપત્રક સિવાય કોઇપણ વર્ગમાં પ્રવેશ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**આ સોગંદનામું પ્રવેશ ફોર્મ સાથે રજૂ કરવાનું રહેશે.**